ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમ માટે નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬માં સફાઈ કામદારો અને તેમના આશ્રિતોના પુન: સ્થાપન માટે SCW-12, વહીવટી ગ્રાંટ SCW-15 માટે કરવામાં આવેલ બજેટ જોગવાઈ મુજબની બીજા અને ત્રીજા ત્રિમાસિક ગાળાની રકમ નિગમને ફાળવવા બાબત

ગુજરાત સરકાર

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

ઠરાવ ક્રમાંક : SJED/GSK/e-file/17/2023/2121/G

સચિવાલય, ગાંધીનગર

તા. ઈ-સાઈન મુજબ

વંચાણે લીધા :

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૦૧/૦૪/૨૦૨૫ નો ઠરાવ ક્રમાંક: SJED/MSM/e-file/17/2024/1965/G

(૨) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૩૦/૦૪/૨૦૨૫ નો ઠરાવ ક્રમાંક: SJED/GSK/e-file/17/2025/0201/G

(૩) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૩૦/૦૬/૨૦૨૫ નો ઠરાવ ક્રમાંક SJED/GSK/e-file/17/2023/2121/G

(૪) નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણનો તા.૧૮/૦૯/૨૦૨૫ નો પત્ર ક્રમાંક: DSCWG/WRA/e-file/224/2025/0663/M

**પ્રસ્તાવના:**

આ વિભાગના વંચાણે લીધેલ ક્રમાંક: (૧) પરના તા.૦૧/૦૪/૨૦૨૫ ના ઠરાવથી નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ માટે ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમ, ગાંધીનગરની SCW-12 સફાઈ કામદારો અને તેમના આશ્રિતોના પુન: સ્થાપન માટે રૂ.૨૨.૦૦ કરોડ તથા SCW-15 વહીવટી ગ્રાંટ માટે રૂ.૨.૫૪ કરોડની ચાલુ બાબતની બજેટ જોગવાઈને વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે. વંચાણે લીધેલ ક્રમાંક: (૨) પરના વિભાગના તા.૩૦/૦૪/૨૦૨૫ના ઠરાવથી SCW-12 હેઠળ સફાઈ કામદાર આવાસ યોજના યોજનામાં સહાય રૂ.૧,૨૦,૦૦૦/- થી વધારી રૂ.૧,૭૦,૦૦૦/કરવા અંગેની રૂ.૭.૫૦ કરોડની નવી બાબતને વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે. વંચાણે લીધેલ ક્રમાંક: (૩) પરના વિભાગના તા.૩૦/૦૬/૨૦૨૫ના ઠરાવથી ઉક્ત કુલ રૂ.૩૨.૦૪ કરોડની જોગવાઈ પૈકી વર્ષ ૨૦૨૫-૨૬ના પ્રથમ ત્રિમાસિક માટે ૨૫ ટકા લેખે ૮.૦૧ કરોડની રકમ નિગમને ફાળવવા મંજૂરી આપવામાં આવેલ છે. નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ દ્વારા વંચાણે લીધેલ ક્રમાંક: (૪) પરના તા.૧૮/૦૯/૨૦૨૫ ના પત્રથી SCW-12 હેઠળ તથા SCW-15 ની બાકીની રકમ ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમને ફાળવવા માટે દરખાસ્ત કરવામાં આવેલ જે સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ :**

નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણની વંચાણે લીધેલ ક્રમાંક:(૪) પરની દરખાસ્ત અન્વયે નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ ના બીજા અને ત્રીજા ત્રિમાસિક ગાળા માટે ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમ, ગાંધીનગરને SCW-12 તથા SCW-15 હેઠળ ઉપર જણાવેલ કુલ રૂ.૩૨.૦૪ કરોડ પૈકી રૂ.૧૬.૦૨ કરોડની રકમ ફાળવવા નીચેની શરતોને આધીન વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

**શરતો:**

(૧) વર્ષ ૨૦૨૫-૨૬ની બજેટ જોગવાઈને આધીન રહીને નાણા વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં રહી ખર્ચ કરવાનો રહેશે.

(૨) જે હેતુ માટે બજેટ જોગવાઈ કરવામાં આવી છે, તે હેતુ માટે જ ખર્ચ કરવાનો રહેશે.

(૩) આ અંગેનો ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો વખત લાગુ પડતા નિયમો મુજબ નિયત પધ્ધતિથી કરવાનો રહેશે.

(૪) વર્ષના અંતે, જો કોઈ બચત રહે તો, તે પરત કરવાની રહેશે.

(૫) નિગમે હવે પછીની ગ્રાંટ છૂટી કરવાની દરખાસ્ત સાથે જે-તે માસના અગાઉના માસના ખર્ચનું માસવાર વિગતવાર પત્રક દરખાસ્ત સાથે રજૂ કરવાનું રહેશે.

(૬) ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમના વર્ષ ૨૦૧૯-૨૦ તથા ત્યારબાદના હિસાબો પડતર હોઈ નાણાકીય અનિયમિતતા નિવારવા અંગેની કામગીરી સત્વરે પૂર્ણ કરાવવાની રહેશે. બાકી હિસાબો તથા ઓડીટ આખરી કરી, નિગમના અહેવાલો વિધાનસભા ગૃહના મેજ પર મુકવાની પ્રક્રિયા સત્વરે પુર્ણ કરવાની રહેશે.

આ અંગેનો ખર્ચ વિભાગના માંગણી ક્રમાંક : ૯૫, ૨૨૨૫-૦૧-૧૦૨-૦૨-SCW 12 અને માંગણી ક્રમાંક : ૯૫, ૨૨૨૫-૦૧-૧૯૦-૦૨-SCW 15 હેઠળ ઉધારવાનો રહેશે.

આ ઠરાવ આ વિભાગની સમાન ક્રમાંકની ઈ-ફાઈલ પર નાણાં વિભાગની તા.૧૧/૧૦/૨૦૨૫ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

e-SD/-

(સંતોષ વસાવા)

સેક્શન અધિકારી

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- મેનેજીંગ ડાયરેક્ટરશ્રી, ગુજરાત સફાઇ કામદાર વિકાસ નિગમ, કર્મયોગી ભવન, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- સેક્શન અધિકારીશ્રી(બજેટ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય.
- સેક્શન અધિકારીશ્રી(કો.સેલ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય તરફ વિભાગની વેબસાઇટ પર મૂકવાની વિનંતીસહ
- સિલેક્ટ ફાઇલ

Signature Not Verified

Signed by:SantoshKumar Sureshbhai Vasava
Section Officer
Date:2025.10.17 17:36:45 +5:30



Open the document in Adobe Acrobat DC to verify the E-sign